મહે. લેબર કોર્ટ અમદાવાદના જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા
ન્યાયાધીશ (સી. ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.
ફોજદારી કેસ નં.૧૪૬૬૯/૨૦૧૮.

આંક : .......

ફરિયાદી : **Employees' State Insurance Corporation,**
**Regional Office Gujarat,**
**Ashram road, Ahmedabad-14.**

**: વિરૂધ્ધ :**

**આરોપી** : 1. Shri Jagdev R. Sharma (Proprietor)
8, Nirmal Bunglow,
Opp. Baroda Express Highway,
Nr, CTM Char Rasta, Ahmedabad.
2. M/s. Super Steel Industries,
Plot No.51/5, Phase-1,
Nr. Kiran Industries, GIDC Vatva, Ahmedabad-382445.

**ગુન્હો** : **ઈ.એસ.આઈ.એકટ,૧૯૪૮ કલમ-૮૫ (જી) મુજબ.**
**આરોપીઓ તરફે** : **વિ. વ. શ્રી હરિશ આર. રાવલ.**

**-: ચૂ કા દો :-**

**(૧)** હાલના કેસની ફરીયાદ સોશીયલ સીકયુરીટી ઓફીસર ધ્વારા મજૂર અદાલત,અમદાવાદ મુકામે દાખલ કરતાં ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ-૧૯૦(૧)(એ) મુજબ ફરીયાદીએ ફરીયાદ રજૂ કરતાં અત્રેની કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ-૨૦૦(એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ-૨૦૪ મુજબ ફરીયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીઓને સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ હતો.સદરહુ ફરીયાદની હકીકત જોવામાં આવે તો આરોપીઓએ **ઈ.એસ.આઈ.એકટ-૧૯૪૮ ની કલમ-૮૫(જી) મુજબ નિયમ-૧૨ અને ૧૧૦** હેઠળ શિક્ષા પાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

**(૨)** હાલની ફરીયાદ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈને આવ્યા બાદ અત્રેની અદાલતને આ કામના આરોપીઓને સમન્સ કરતાં આરોપી જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. ત્યારબાદ તેઓને વિનામુલ્યે કેસ પેપર્સની નકલો પૂરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ. જેથી આરોપીએ પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપી સ્વૈચ્છીક રીતે પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**(૩)** આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ

અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે. વધુમાં આરોપી નં.૧, આરોપી નં.૨ સંસ્થાના પ્રોપ્રાઈટર હોવા અંગે જીએસટી રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ રજૂ કરેલ છે.

(૪) આ કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **ઈ.એસ.આઈ.એકટ અન્વયેના કલમ–૮૫(જી) મુજબ નિયમ–૧૨ અને ૧૧૦** મુજબનો ગુન્હો કરેલ છે. વધુમાં હવે જયારે આરોપી સ્વૈચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા આ કામના તહોમતદાર જે તે કંપનીના સંસ્થાના પ્રોપરાયટર હોય અને તે અંગે જી.એસ.ટી. સર્ટીફિકેટનો આધાર રજૂ રાખેલ હોય તેમજ તેઓ સ્વેચ્છાપૂર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમના ઓથોરાઈઝ વ્યકિત મારફતે કબૂલ રાખતાં હોય હાલનાં તહોમતદારોને શિક્ષાપાત્ર સજા કરવાના બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવાનુ છે. સવિશેષ નામદાર *ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯* ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**–: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ **ઈ.એસ.આઈ.એકટની કલમ–૮૫(જી)** નાં ભંગ બદલ દોષિત ઠરાવીને કુલ **રૂા.૪,૦૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો **આરોપી નં.૧** ને એક માસની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે. આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

(૨) આરોપીએ ઉપર મુજબના નિયમોની ક્ષતિની પૂર્તતા કરી દિન–૩૦ માં સબંધિત કચેરીને જાણ કરવી.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૧/૦૨/૨૦૨૩.
સ્થળ : અમદાવાદ.

**(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)**
**એડિશનલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**મજૂર અદાલત, અમદાવાદ.**
**CODE-GJ00883**

HMPRAJAPATI,P.A.